ડાયરેક્ટ ❤ સે

જે સમજે
એને જ બધા સમજાવે છે
બાકી ના સમજે
એની સાથે
બધા ઍડજસ્ટ થઈ જાય છે

જન્મદિને વધામણી

જીનલબા દેવેન્દ્રસિંહ ચુડાસમા
મો. ૯૬૨૪૦ ૨૦૪૨૦

આદિત્ય બારૈયા

દિલીપ આર રાવલ
જ્યોતિષી, વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ

રમત ગમત ક્ષેત્રે શારીરિક શિક્ષણની વિવિધ વિદ્યાશાખાના ૫૭૯ વિદ્યાર્થીઓને ડિગ્રી-ડિપ્લોમાની પદવી એનાયત

૨૦૧૯માં ઈન્ટરનેશનલ સાયન્ટિફીક કોંગ્રેસનું આયોજન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના યજમાનપદે થશે

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું છે કે, રમતગમત દ્વારા ઉત્તમ ખેલદીલીની ભાવના થકી સંસ્કારોનું સિંચન કરીને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણમાં યુવાનો સહભાગી બને તે આજના સમયની તાતી જરૂરિયાત છે.

આજે ગાંધીનગર ખાતે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, સમાજમાં જેમ ઉત્સવનું મહત્વ છે એટલું જ મહત્વ રમત ગમતનું છે. એટલે જ દેશના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૧માં આ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. તેમની દીર્ઘદ્રષ્ટિને પરિણામે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી આજે વટવૃક્ષ બની છે. પરંપરાગત રમતો દ્વારા બાળકોમાં ત્વરિત નિર્ણય શક્તિ, સ્મરણ શક્તિ, સમયનું મહત્વ, સંઘભાવના, ખેલદીલીની ભાવના જેવા ઉત્તમ ગુણોનો વિકાસ

થાય છે ત્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા આવી પરંપરાગત રમતોને પ્રાધાન્ય આપીને ઉચ્ચકોટીનું-વૈશ્વિક સ્તરનું શિક્ષણ સહિત માળખાગત સવલતો અને સહાય પૂરી પાડવામાં આવે છે તે સરાહનીય છે. મંત્રી શ્રી પટેલે કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ રમત ગમત ક્ષેત્રે પ્રાધાન્ય આપી યુવાઓ વધુને વધુ રમતોમાં ભાગ લઈ ગુજરાતનું ગૌરવ વધારે તે માટે અનેકવિધ પગલાં લીધા છે. ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા માધ્યમ દ્વારા યુવાનો ડિજિટલ ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા ક્ષેત્રે પણ યોગદાન આપી ગુજરાતનું નામ રોશન કરે તેવી અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, વર્ષ-૨૦૨૪ સુધીમાં રાજયના રમતવીરોને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો દ્રઢ નિર્ધાર છે. આ માટે વડોદરા જિલ્લાના ડેસર ખાતે ૧૦૪ એકરથી વધુ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટસ સંકુલ નિર્માણની પ્રક્રિયા યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જેમાં યુવાઓને વિવિધ માળખાગત સવલતો, નિષ્ણાતો-તજજ્ઞો દ્વારા માર્ગદર્શન અપાશે.

મંત્રીશ્રીએ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતા કહ્યું કે, આપ સૌને વ્યવસાયિક ક્ષેત્રમાં ઝંપલાવવાની જે તક સાંપડી છે તે જ્ઞાનનો અને શક્તિનો સુભગ સમન્વય સાધી સ્વાવલંબી વ્યવસાયમાં સફળ થવા માટે શુભેચ્છા પાઠવી હતી. તેમણે યુનિવર્સિટીના અધિકારી-કર્મચારીઓને યુનિવર્સિટીને ફાસ્ટેટ ગ્રોઈંગ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ચેરમેન શ્રી વી.પી. પટેલે ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને દિક્ષાંત પ્રવચનમાં અભિનંદન આપી ઉચ્ચ કારકિર્દી ઘડવા શુભેચ્છા પાઠવી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં રમત ગમત પ્રવૃત્તિના યથા યોગ્ય નિર્માણ માટે કૌશલ્ય અને નિપુણતા ધરાવતા માનવ સમુદાયનું ઘડતર થાય તે માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. આજના સ્થાપના દિને વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરતાં તેમણે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. શીલ, શક્તિ અને જ્ઞાનના ત્રિવેણી સંગમ સમા વિદ્યાર્થીઓ વાસ્તવિક જીવનમાં પણ કંઈક નવું કરી ચેતનવંતા બની રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

શ્રી પટેલે ઉમેર્યું કે, જ્ઞાન-વિદ્યાનો ઉદ્દેશ મૂળ વિશાળ છે તે વ્યક્તિને સારા, સંસ્કારી અને પ્રબુદ્ધ વ્યક્તિ તરીકે સમાજમાં સ્થાન અપાવે છે ત્યારે આપે ડિગ્રી મેળવી એટલે ફરજ પુરી એવું નહીં પરંતુ સમાજના ઘડતરમાં આપની સેવાઓ હવે શરૂ થાય છે ત્યારે આપ યોગ્ય સહયોગ આપશો તેવી અપેક્ષા. જ્ઞાન એ માત્ર સ્વ અર્થોપાર્જનનું સાધન નથી પરંતુ આપના કૌશલ્ય થકી અનેક લોકોને રોજગારી મળે તેવા પ્રયાસો કરવા ડિગ્રી ધારકોને શ્રી પટેલે અનુરોધ કર્યો હતો. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી જતીન સોનીએ યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન પ્રસંગે પદવી મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં કહ્યું કે, યુનિવર્સિટી દ્વારા રમતગમત અને ખેલ સંસ્કૃતિના નિર્માણ માટે જે પ્રયાસો થયા છે તેના પરિણામે યુનિવર્સિટીને આજે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મળી છે. તેમણે વિદ્યાર્થીઓને કન્ટ્રીબ્યુટ, કો-ઓપરેટીવ અને ક્રિએટીવના સિદ્ધાંત થકી આવનાર સમયમાં સમાજ માટે યોગ્ય સેવાઓ આપવા અપીલ કરી હતી.

શ્રી સોનીએ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો તેમજ નવા નવા આયામોની વિસ્તૃત વિગતો આપી હતી. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા મેળવેલ સિદ્ધિઓના પરિણામે આગામી ૨૦૧૯ના વર્ષે ઈન્ટરનેશનલ સાયન્ટિફીક કોંગ્રેસનું આયોજન કરવા માટે યજમાનપદ મળ્યું છે, તે માટે હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. આ કોંગ્રેસમાં વિવિધ ૫૮ યુનિવર્સિટીના તજજ્ઞો/વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી જ્ઞાનનું આદાન પ્રદાન કરશે.

રાજ્ય સરકારનો શિક્ષણલક્ષી મહત્વનો નિર્ણય

રાજ્યની તમામ સરકારી યુનિવર્સિટી માટે કોમન એકેડેમિક કેલેન્ડરનો અમલ

પ્રથમ સત્રમાં ૯૫ તેમજ દ્વિતીય સત્રમાં ૧૦૨ દિવસ શૈક્ષણિક કાર્ય : પ્રથમ વાર ૭ દિવસનું નવરાત્રી વેકેશન

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા વધુ એક શિક્ષણલક્ષી મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજયની તમામ સરકારી યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા, પરીક્ષા અને વેકેશનમાં એકસૂત્રતા જળવાય અને સુચારૂ રૂપે એક સાથે તમામ કાર્યક્રમો કરી શકાય તે હેતુથી કોમન એકેડેમિક કેલેન્ડર અમલમાં મુકવામાં આવ્યું છે. જેમાં પ્રથમ સત્રમાં ૯૫ તેમજ દ્વિતીય સત્રમાં ૧૦૨ દિવસ શૈક્ષણિક કાર્ય કરાશે. કોલેજોમાં પ્રથમ વાર ૭ દિવસનું નવરાત્રિ વેકેશન અપાશે તેમજ ૪૯ દિવસનું ઉનાળું વેકેશન રહેશે. આ કોમન એકેડેમિક કેલેન્ડર મેડિકલ અને ફાર્મસી સિવાયના તમામ અભ્યાસક્રમમાં આગામી શૈક્ષણિક સત્ર-૨૦૧૮ થી અમલમાં આવશે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં જણાવાયું છે. તમામ યુનિવર્સિટીમાં શૈક્ષણિક એકસૂત્રતા જળવાય તે માટે વાઈસ ચાન્સેલરોની એક કમિટિ દ્વારા અભ્યાસ કરીને સુપ્રત કરેલા કોમન એકેડેમિક કેલેન્ડરમાં ધોરણ-૧૨ની પ્રવેશ પરીક્ષાની પ્રક્રિયા પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં એટલે કે મહત્તમ તા.૧૫ જૂન સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. પ્રથમ શૈક્ષણિક સત્ર તા. ૧૨ જૂન ૨૦૧૮ થી ૪ નવેમ્બર ૨૦૧૮ એમ પરીક્ષા સમય સિવાય ૯૫ દિવસનું રહેશે જ્યારે કોલેજની આંતરિક મુલ્યાંકન / પરીક્ષાઓ સતત મુલ્યાંકનની જેમ સાપ્તાહિક ટેસ્ટ, પ્રોજેક્ટ વર્ક, સમૂહ ચર્ચા વગેરે તા.૧૫ ઓક્ટોબર ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. તા. ૧૫ ઓક્ટોબર થી ૨૧ ઓક્ટોબર ૨૦૧૮ સુધી ૭ દિવસનું નવરાત્રિ વેકેશન હશે. ઉપરાંત તા.૨૨ થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ દરમિયાન સેમિસ્ટર ૧, ૩ અને ૫ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તેમજ તા.૨૮ નવેમ્બર ૨૦૧૮ થી ૭ ડિસેમ્બર-૨૦૧૮ સુધી સેમિસ્ટર ૨, ૪ અને ૬ના વિષયોની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા યોજાશે.તા. ૫ નવેમ્બર ૨૦૧૮ થી તા. ૧૮ નવેમ્બર ૨૦૧૮ દરમિયાન ૧૪ દિવસનું દિવાળી વેકેશન રહેશે. દ્વિતીય શૈક્ષણિક સત્ર તા.૨૬ નવેમ્બર-૨૦૧૮થી તા.૨૪ એપ્રિલ ૨૦૧૯ દરમિયાન ૧૦૨ દિવસ પરીક્ષા સમય સિવાયનું રહેશે. તા.૫ માર્ચ-૨૦૧૯ થી ૧૪ માર્ચ ૨૦૧૯ દરમિયાન સેમિસ્ટર ૧, ૩ અને ૫ના વિષયોની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા તેમજ તા.૧૯ માર્ચ ૨૦૧૯ થી ૨૮ માર્ચ ૨૦૧૯ દરમિયાન સેમિસ્ટર ૨, ૪ અને ૬ની યુનિવર્સિટી કક્ષાની પરીક્ષા યોજાશે. તા.૨૪ એપ્રિલ ૨૦૧૯ થી તા.૧૧ જૂન ૨૦૧૯ એમ કુલ ૪૯ દિવસનું ઉનાળુ વેકેશન રહેશે, તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

વર્લ્ડ લીડર ઓફ ડર્મેટોલોજીમાં ડૉ. સુરેશ જોષીપુરાને આમંત્રણ

ગાંધીનગર, તા. ૭

ઈન્ટરનેશનલ લીગ ઑફ ડર્મેટોલોજીસ્ટ સોસાયટી દુનિયાના ૮૦ દેશોની ૧૬૫ જેટલી ચામડીના રોગના નિષ્ણાતોની સોસાયટીનું ફેડરેશન છે. તેના તરફથી વિયેતનામ રો-ચીન-મીન સિટી ખાતે જૂન ૧૦-૧૧-૧૨ દરમિયાન દુનિયાના પ્રતિષ્ઠિત અને વર્લ્ડ લીડર્સ ચર્મરોગ નિષ્ણાતો ભેગા થવાના છે અને દુનિયાના વિવિધ દેશોમાં, ચામડીના આરોગ્ય માટે, કોમન પ્રોગ્રામ ઘડી કાઢશે. આ રોગોને અટકાવવા, મટાડવા વગેરે માટે કયા પડકારો છે તેની વિશેષ ચર્ચા થશે. ભારતમાંથી ડૉ. રમેશ ભટ્ટ (પ્રમુખ)-મેંગ્લોર, ડૉ. સુરેશ જોષીપુરા (પૂર્વ પ્રમુખ)-રાજકોટ, ડૉ. વેંકટરામ માઈચોટ (બેંગ્લોર)ને આમંત્રણ છે. ડૉ. હેમાંગી જેરાજાની (મુંબઈ) હોદ્દેદાર તરીકે હાજર રહેશે. આટલા મહત્ત્વના કાર્યક્રમોમાં ડૉ. સુરેશ જોષીપુરાને આમંત્રણ મળતાં અભિનંદનવર્ષા થઈ રહી છે.

નડિયાદ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાશે

કેમ્પમાં બ્લડ સુગર ટેસ્ટ, બીએમટી ટેસ્ટ કરી અપાશે અને આંખના નંબરો પણ નિઃશુલ્ક કાઢી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય- નડિયાદ દ્વારા આગામી તા.૧૦ જૂન-૨૦૧૮ રવિવારના રોજ સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન 'પ્રભુશરણમ' ખેતા તળાવ સામે, નડિયાદ ખાતે નિઃશુલ્ક એલોપથી, હોમિયોપથી, નેચરોપથી અને આયુર્વેદ દ્વારા વિવિધ રોગોના નિદાન અને સારવાર કેમ્પ યોજાનાર છે.

આ મેડિકલ કેમ્પમાં સ્વસ્થ અને નિરોગી જીવન માટે આરોગ્ય વિષયક સહિત યોગા તથા રાજયોગ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવનાર છે. કેમ્પમાં બ્લડ સુગર ટેસ્ટ, બીએમટી ટેસ્ટ અને આંખના નંબરો પણ નિઃશુલ્ક કાઢી આપવામાં આવશે.

બ્રહ્માકુમારીઝ વિધ્યાલયની આરોગ્યની નિષ્ણાંત ટીમ દ્વારા યોજાનારા આ કેમ્પનો લાભ લેવા અને વધુ વિગત માટે ટેલિફોન નં ૦૨૬૮-૨૫૨૧૨૮૦ પર સંપર્ક કરવા બ્રહ્માકુમારીઝની મુખ્ય સંચાલિકા રાજયોગીની બી. કે. પૂર્ણિમાબહેન દ્વારા જણાવાયું છે.

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજમાં ફરજરત

અધ્યાપક સોનલ ધાગને પીએચડીની ઉપાધિ મળી

ગાંધીનગર, તા. ૭

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજમાં ફરજરત અધ્યાપક સોનલ ધાગને મહારાજ વિનાયક ગ્લોબલ યુનિવર્સિટી, જયપુર તરફથી પીએચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. અધ્યાપક સોનલ ધાગ દ્વારા ડૉ. શાલિની ગૌતમના માર્ગદર્શન હેઠળ 'એસેટ લાયેબિલીટી મેનેજમેન્ટ - એ સ્ટડી ઓફ સિલેક્ટેડ અર્બન કોઓપરેટીવ બેંક્સ' વિષયે તૈયાર કરવામાં આવેલા મહાશોધ નિબંધ ને માન્ય રાખીને યુનિવર્સિટી દ્વારા તેમને પીએચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. કૉલેજ પરિવાર દ્વારા સોનલ ધાગને તેમની આ સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

આ પણ જાણો

બેંકોને કાર્યક્ષમ બનાવવા માત્ર મર્જર પર્યાપ્ત નથી

મર્જર એ કોઈ પણ પ્રશ્નનું કોઈ સમાધાન નથી, બેંકો તો સતત કાર્યશીલ રહેતી હોય છે માટે તેનાં સંચાલન, વહીવટ, મોનીટરિંગ, કંટ્રોલ વગેરેમાં આમુલ પરિવર્તનો ગોઠવવાની સત્વરે જરૂરિયાત છે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

ભારતીય બેંકીંગ ક્ષેત્રમાં સૌથી ખરાબ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નું રહ્યું. કારણ કે પૂરા વર્ષ દરમિયાન રોજ એકાદ કૌભાંડ પ્રકાશમાં આવતું રહ્યું અને છેવટે ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ જે પાકા સરવૈયા તૈયાર થયા તેમાં કરોડોની ખોટ લગભગ બધી જ બેંકોએ જોઈ છે. માત્ર બે બેંકોએ ખોટ કરી નહીં !! એક સામાન્ય ભારતનો નાગરિક આ બધું જાણીને અતિશય આઘાત પામે છે. કેમ કે બેંકોનો વહીવટ અને કાર્યદક્ષતા ઉપર કદી આંગળી ઊઠે તો વિચાર થતો કે ના હોય, કદી આ મુજબ હોય નહીં ! કોર બેંકીંગ આવ્યું તેને બે દાયકા થવા આવ્યા છે. મેન્યુઅલ બેંકીંગમાં કાર્ય કરવાનો એક સંતોષ હતો, બીજું પ્રત્યક્ષપણે વ્યવહાર, વાઉચર્સ ડે બૂક, ચેકિંગ વગેરેમાં બધું જાણવા-જોવા અને શીખવા મળતું હતું, જે કોર પદ્ધતિ આવ્યા પછી સિસ્ટમથી સિસ્ટમમાં જ રહ્યા કરે છે એટલે કે બેંકોનાં કાર્યમાં એક રહસ્ય દાખલ થઈ ગયું. જે લોકો સિસ્ટમના નિષ્ણાત છે તે બધા બેંકિંગના તજ્જ્ઞો નથી તો બેંકિંગના અનુભવીઓ છે તેઓ સિસ્ટમમાં ઝીરો છે. અને આ રીતે બેંકોની સ્થિતિ કથળતી જોવા મળે છે. ઠીક છે, પરિવર્તન તો આવે જ પણ નાણાંકીય શિસ્ત ગઈ અને નીતિ-નિયમોથી વિરુદ્ધ જે ઋણ વિસ્તરણ થયું તેના કારણે બિન ઉપજાઉ મિલકતો અતિશય વધતી જ ગઈ અને આજે લાખો કરોડનો ચુનો બેંકોને લાગી જ ગયો છે તો ઉત્તરદાયિત્વ કોનું ? આ બેંકો પ્રજાના નાણાંને ધ્યાને રાખીને શાખ સર્જન કરતી હોય છે તેથી પ્રજાનાં નાણાંને ઉડાડવાનો ખેલ શા માટે ચાલ્યો ? આ અંગે ઘણા ભેદી સવાલો હવે ઊભા થયા ને થતા રહ્યા છે. બેંકોનું ભવિષ્ય શું છે ?

બધી જ સહયોગી બેંકોને એસબીઆઈમાં મર્જ કરી દેવામાં આવી છતાં એકંદર સ્થિતિમાં કોઈ સુધારણા થઈ નથી તો બીજી તરફ ફેમાના ઉલ્લંઘન બદલ ઈડીએ એસબીઆઈ ઉપર દંડ નાખ્યો છે. અર્થાત આ ભારતીય સ્ટેટ બેંકની હાલત પણ વિકૃત થતી જ જાય છે. હવે ઉતાવળે સરકારે એક નવો નિર્ણય લીધો છે જે મુજબ મોટી ચાર બેંકોને પરસ્પર ભેળવી દેવાનું વિચારવામાં આવ્યું છે. બેંક ઓફ બરોડા, આઈડીબીઆઈ, ઓરિએન્ટલ બેંક અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાનું વિલીનીકરણ કરવાનું જાહેર થયું છે. જો આ મુજબ થશે તો એ એસબીઆઈ પછી દેશની બીજી મોટી બેંક બની જશે. અને પ્રસ્તાવિત બેંકની સંયુક્ત અસ્કયામત (જોઈન્ટ એસેટ્સ) રૂા. ૧૬.૫૮ ટ્રિલિયન હશે. આ મર્જર પાછળનો હેતુ ખર્ચા ઘટાડવાનો અને ખોટ કરતી શાખાઓને બંધ કરવાનો પણ છે. ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ આ ચારેય બેંકોની સંયુક્ત ખોટ રૂા. ૨૧૬૪૬.૩૮ કરોડની છે. આઈડીબીઆઈમાંથી પણ સરકાર પોતાનો હાથ ખેંચી લેવાની પેરવીમાં છે. મર્જર એ કોઈ પણ પ્રશ્નનું કોઈ સમાધાન નથી. બેંકો તો સતત કાર્યશીલ રહેતી હોય છે માટે તેનાં સંચાલન, વહીવટ, મોનીટરિંગ, કંટ્રોલ વગેરેમાં આમુલ પરિવર્તનો ગોઠવવાની સત્વરે જરૂરિયાત ઊભી થઈ ગઈ છે. ડેલિગેશન ઓફ પાવર્સને પણ રિવ્યૂ કરવાની તાતી આવશ્યકતા છે. એનપીએ ના થાય તે માટેની રણનીતિને અગ્રતા આપવી જ પડશે. બીજું, ગ્રાહકોને માટે કોઈને વાસ્તવમાં ઉત્સુકતા કે રસ નથી. તેને વિવિધ પ્રકારના ચાર્જીસ લેવાના એકમથી જ જોવામાં આવે છે તે હવે બંધ થવું જરૂરી છે. પ્રાથમિક ફરજ જે બેંકની હોય તેમાં કોઈ પણ ચાર્જ કદી લઈ શકાય જ નહીં.

પૂરા દેશમાં પ્રવર્તમાન બેંકિંગ ક્ષેત્રમાં નવસર્જનની જરૂરિયાત હવે જણાઈ રહી છે કેમ કે બેંકોમાં સરકારથીની બેંકો સિવાયબીજા પ્રકારની બેંકો પણ કાર્યરત છે કે જ્યાં બેંકિંગ નીતિ-નિયમોને તાક ઉપર રાખી દેતાં વાર લાગતી નથી અથવા જેના સંચાલનમાં ઘણાં તત્ત્વો કાર્યરત જોવા મળે છે. મર્જરથી મૂળ ખોટ જે થઈ હોય તે ઢંકાઈ જતી નથી. લોન પ્રક્રિયા, મંજૂરીના અધિકાર, આકલન પ્રથા, સિસ્ટમમાં બધાનું પ્રતિબિંબ અવશ્ય સુધારણા માગે છે. જો આ બધામાં ધ્યાન આપવામાં નહીં આવે તો ભારતીય બેંકિંગ તૂટી પડતાં વાર લાગશે નહીં. કાનૂનમાં સુધારણા ઉપરાંત વ્યવહારૂ બીજી ઉપચાર કરવાનું ખૂબ જ જરૂરી થયું છે. ગ્રાહક મારો ભગવાન છે તેવું બેંકના કર્મચારી હૃદયથી કે મનથી બિલકુલ માનતા નથી. બેંકો આર્થિક પ્રવૃત્તિઓની કરોડરજ્જુ છે તેને સુરક્ષિત કરવા અગ્રતા આપવી જ પડશે. મર્જરથી સંતોષ માનવો એ મોટી ભૂલ ગણાશે.

શેર આસ્વાદ

ઈતની ક્યા જલદી હૈ
મુઝે છોડને કી
અભી તો હદ બાકી હૈ
મુઝે તોડને કી